શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૫
અંક : ૩

## જીવનના બે રસ્તા

જીવનમાં એવો સમય આવે કે જયારે કોઈ એવો નિર્ણય લેવાનો હોય જેનાથી આપણું સમગ્ર જીવન બદલાઈ જવાની સંભાવના હોય છે. ત્યારે આપણે સ્વયંને દ્વિધાપુર્ણ હતાશ – નિરાશ અનુભવીએ છીએ. બેચેની પૂર્વક આખી રાત પડખાં બદલતા રહીએ છીએ. મિત્રો અને નજીકના વ્યકિતઓનુ માર્ગદર્શન લઈએ છીએ. છતાં કોઈ માર્ગ નથી મળતો જે આપણાં માટે અનુકુળ હોય. તેના માટે એક પ્રચલિત ઉપાય છે. કહે છે કે સિક્કો ઉછાળો અને તેજ વિકલ્પ પસંદ કરો જે સિક્કાની બાજુ દર્શાવે આ નુસખો કંઈક આ રીતે કામ કરે છે જેવા આપ સિક્કો ઉછાળો છો. આપનુ અંતર્મન શ્રેષ્ઠ પર્યાયનીજ પસંદગી કરે છે. અને ઈચ્છે છે કે સિક્કો પડતા તે જ પાસું દેખાઈ તે જ આ પર્યાય હોય છે જેને આપ દિલથી ઈચ્છો છો. તો પછી આપે વિચારવુ ન જોઈએ આપે તેજ પર્યાયને અપનાવવો જોઈએ પછી ભલે તેમાં ગમે તેટલા વિઘ્નો કેમ ન આવે ફકત એજ વિચારો કે પોતે જે ઈચ્છા કરેલી તે પરિપુર્ણ થવામાં કેટલો આનંદ પ્રાપ્ત થશે.

## સ્વ અનુભવ

મને શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર માટે પુર્ણ સમર્પણ ભાવથી કામ કરવુ સારૂ લાગે છે તેનુ કારણ એ નથી કે હુ કંઈક કરવા માગતો હતો પરંતુ એ છે કે જયારે હું એવો અનુભવ કરૂ છુ કે હુ કેટલો ભાગ્યશાળી છું કે મને આ વિશાળ માનવ સેવા કાર્ય કરવા મળ્યુ છેં. અને આ જીવનના રસ્તા પર કેટલા પ્રિય મિત્ર,પરિવાર અને સારા સુધડ વિચારો વાળી વ્યકતિ છે. ત્યારે મને હાર્દિક આનંદ થાય છે.

**– દિનેશ સોળીયા**

**<u>પ્રિય વાચક મિત્રો,</u>**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**આ દુનિયામાં ઘણી સહેલાઈથી છેતરી શકાય તેવી વ્યકિત જો કોઈ હોય તો તે આપણી જાત છે.**

## કૌશલ્યવર્ધક તાલીમ

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા સંસ્થાના તાલીમ અને શિક્ષણ પ્રોગ્રામના ભાગરૂપે લાભાર્થીઓને કૌશલ્ય વર્ધક તાલીમો પુરી પાડી રહી છે. તાજેતરમાં સંસ્થાએ મિશન મંગલમ અને એસજીએસવાય અંતર્ગત અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી સાથે રહી તાલીમો આપી હતી. ૦ થી ૧૬ ના સ્કોરમાં આવતા ગરીબી રેખા હેઠળના પરિવારો આ યોજનાનો લાભ લઈ શકે છે. આ યોજનાનો મુખ્ય હેતુ ગરીબી રેખા હેઠળ જીવન જીવતા લોકોને વૈકલ્પિક આજીવિકા મળી રહે તેવી તાલીમો યોજી ગરીબી ઘટાડવાનો છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારની બહેનોને આ યોજનાનો લાભ મળી રહે તેવા પ્રયત્નો ચાલી રહયા છે. ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને જુથ બનાવવા માટે પ્રોત્સાહિત કરીને જુથોને કાયમી સ્વરૂપે આજીવિકા મળી રહે તે માટે તેમને સંગઠિત કરી, જાગૃત કરીને કૌશલ્ય વર્ધક તાલીમો આપવામાં આવે છે. આ કામગીરી અંતર્ગત રાજકોટ જીલ્લાના ઉપલેટા, ગોંડલ, ટંકારા, પડધરી, જેતપુર અને મોરબી તેમજ જુનાગઢ જીલ્લાના ભેંસાણ, તાલાળા, કોડીનાર, સુત્રાપાડા, વેરાવળ, માણાવદર તાલુકાના ઘણા ગામોમા તાલીમ કાર્ય પુર્ણ થઈ ચુકયું છે અને કેટલાક ગામોમાં શરૂ છે. જેની વિગતો કોષ્ટકમાં સામેલ છે.

## યોજનાના ઉદ્દેશ્યો :

૧. ગરીબોને શાહુકારનાં ઋણચક્રના કબજામાંથી મુકત કરવાનો છે.
૨. ગરીબી રેખા નીચે જીવતા લોકોને સ્વરોજગારી પુરી પાડી ગરીબી રેખામાંથી બહાર લાવવાનો છે.
૩. ગ્રામ્ય વિસ્તારની મહિલાઓમાં એકતા તથા બચતવૃતિ કેળવાય તેમજ તેમની નાની મોટી દરેક આર્થિક જરૂરિયાતો પુરી પાડવા માટે સહાય આપવાનો છે.

કૌશલ્ય વર્ધક તાલીમોમાં લાભાર્થીઓને હાલના સમયને અનુલક્ષીને રોજગારી મળી રહે તેવા વૈકલ્પિક સ્ત્રોતોની વ્યવસાયલક્ષી તાલીમો આપવામાં આવે છે. તેમજ ધંધાકીય અને નાણાકીય માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે. તાલીમ પૂર્ણ થયે તાલીમાર્થી બહેનોને ધિરાણ માટે બેંક સાથે જોડાણ તેમજ માર્કેટીંગ, બજાર વ્યવસ્થા અને પ્લેસમેન્ટ માટે માહિતી આપવામાં આવે છે. ઘેરબેઠા જ રોજીરોટી પ્રાપ્ત થાય અને પોતાનું ગુજરાન સારી રીતે ચલાવી શકે. આર્થિક રીતે પગભર થાય તેવા પ્રયાસો હાથ ધરાયેલ છે.

સંસ્થાના કાર્યકર્તાઓ નિયમિત પણે તાલીમ વર્ગોની મુલાકાત કરી તાલીમાર્થીઓ સાથે બેઠકો અને વાર્તાલાપ કરીને વ્યવસાયલક્ષી તેમજ પ્રોત્સાહક માર્ગદર્શન, સલાહ અને માહિતીઓ આપે છે.

**પોતાની જાતને ઓળખતા શીખવું એ સૌથી કઠિન અને અન્યના કામમાં ભૂલ શોધવી એ સૌથી સરળ કાર્ય છે.**

## કૌશલ્યવર્ધક તાલીમો

| ક્રમ | તાલીમનો વિષય | ગામનુ નામ | તાલુકો | સંખ્યા | શરૂ કર્યા તારીખ | પુર્ણ કર્યા તારીખ | ઈન્સ્ટ્રકટરનું નામ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | આરીભરત | મેંદપરા | ભેંસાણ | 34 | 07.02.11 | 23.03.11 | મુકેશભાઈ કે. દિક્ષિત |
| 2 | આરીભરત | સેમરવાવ | તાલાલા | 33 | 07.03.11 | 05.05.11 | કેતન એચ. શેખ |
| 3 | સીવણ | કાજરડી | ઉના | 37 | 23.03.11 | 22.05.11 | રૂડાભાઈ બાંભણીયા |
| 4 | આરીભરત | ચીત્રાવડ | તાલાલા | 60 | 20.06.11 | 18.08.11 | કેતન એચ. શેખ |
| 5 | બ્યુટીપાર્લર | ચુડા | ભેંસાણ | 40 | 23.06.11 | 21.08.11 | અર્ચના |
| 6 | સીવણ | મીતીયાજ | કોડીનાર | 35 | 25.07.11 | 24.09.11 | રૂડાભાઈ બાંભણીયા |
| 7 | આરીભરત | હીરણવેલ | તાલાલા | 40 | 01.08.11 | 29.09.11 | સંજય બી. પરમાર |
| 8 | આરીભરત | ગીરગઢડા | ઉના | 34 | 13.09.11 | 18.11.11 | કેતન શેખ |
| 9 | બ્યુટીપાર્લર | રોણાજ | કોડીનાર | 37 | 12.10.11 | 30.12.11 | તૃપ્તી એન. જાની |
| 10 | સીવણ | છાછર | કોડીનાર | 47 | 13.10.11 | 14.12.11 | કુંદન એસ. જાની |
| 11 | સીવણ | ઈન્દ્રા | માણાવદર | 28 | 18.10.11 | 20.12.11 | ઉર્મિલા એન. ભાલોડીયા |
| 12 | બ્યુટીપાર્લર | નાથડ | ઉના | 35 | 02.11.11 | 31.12.11 | મુમતાઝ એસ. શેખ |
| 13 | આરીભરત | આકોલવાડી | તાલાલા | 40 | 04.11.11 | 05.01.12 | કેતન એચ. શેખ |
| 14 | બ્યુટીપાર્લર | આકોલવાડી | તાલાલા | 30 | 04.11.11 | 05.01.12 | મંગળાબેન એલ. વાજા |
| 15 | શંખ,છીપ,મોતીકામ | દેલવાડા | ઉના | 30 | 22.11.11 | 09.12.11 | રૂડાભાઈ બી. બાંભણીયા |
| 16 | શંખ,છીપ,મોતીકામ | સરખડી | કોડીનાર | 30 | 23.11.11 | 09.12.11 | મનિષા એસ. પરમાર |
| 17 | આરીભરત | પ્રાચી | સુત્રાપાડા | 40 | 16.01.12 | 16.03.12 | કેતન શેખ |
| 18 | બ્યુટીપાર્લર | પ્રાચી | સુત્રાપાડા | 40 | 16.01.12 | 16.03.12 | તૃપ્તી એન. જાની |
| 19 | આરીભરત | મોરડીયા | સુત્રાપાડા | 40 | 25.01.12 | 25.03.12 | પરેશ જી. પરમાર |
| 20 | બ્યુટીપાર્લર | મોરડીયા | સુત્રાપાડા | 40 | 25.01.12 | 25.03.12 | અસ્મીતા બી. વાળા |
| 21 | બ્યુટીપાર્લર | મોરડીયા | સુત્રાપાડા | 40 | 25.01.12 | 25.03.12 | મનિષા વાળા |
| 22 | શંખ,છીપ,મોતીકામ | કણજોતર | સુત્રાપાડા | 30 | 05.03.12 | 22.03.12 | અસ્મીતા બી. વાળા |
| 23 | શંખ,છીપ,મોતીકામ | રાખેજ | સુત્રાપાડા | 30 | 05.03.12 | 22.03.12 | મનિષા એસ. પરમાર |
| 24 | આરીભરત | ચીત્રોડ | તાલાલા | 40 | 06.03.12 | 16.05.12 | કેતન એચ. શેખ |
| 25 | આરીભરત | ધુસીયા | તાલાલા | 40 | 06.03.12 | 06.05.12 | હર્ષિદા જે. ભરડા |
| 26 | બ્યુટીપાર્લર | ધુસીયા | તાલાલા | 40 | 06.03.12 | 06.05.12 | દિલસાદ એ. રંગારા |
| 27 | આરીભરત | પીપળવા | સુત્રાપાડા | 40 | 03.04.12 | 03.06.12 | જયશ્રી ડી. ભરડા |
| 28 | બ્યુટીપાર્લર | પીપળવા | સુત્રાપાડા | 40 | 03.04.12 | 03.06.12 | ધર્મિષ્ઠા એ. મેઘનાથી |
| 29 | આરીભરત | પ્રાસલી | સુત્રાપાડા | 40 | 03.04.12 | 03.06.12 | હર્ષિદા જે. ભરડા |
| 30 | બ્યુટીપાર્લર | પ્રાસલી | સુત્રાપાડા | 40 | 03.04.12 | 03.06.12 | મનિષા વાળા |
| 31 | ડ્રાયવીંગ | સુત્રાપાડા | સુત્રાપાડા | 40 | 23.04.12 | 07.05.12 | પંકજ કે. દિક્ષિત |
| 32 | બ્યુટીપાર્લર | ઘાટવડ | કોડીનાર | 40 | 25.05.12 | 25.07.12 | અસ્મીતા બી. વાળા |
| 33 | બ્યુટીપાર્લર | આલીદર | કોડીનાર | 40 | 14.05.12 | 14.07.12 | હેતલબેન વાળા |
| 34 | બ્યુટીપાર્લર | ડાભોર | વેરાવળ | 40 | 02.06.12 | 02.08.12 | દિલસાદ એ. રંગારા |
| 35 | બ્યુટીપાર્લર | વડનગર | કોડીનાર | 49 | 14.5.12 | 14.07.12 | ધર્મિષ્ઠા એ. મેઘનાથી |
| 36 | હસ્તકલા | નાગડકા | ગોંડલ | 16 | 07.01.13 | 11.02.13 | સાધનાબેન મહેતા |
| 37 | હસ્તકલા | નાગડકા | ગોંડલ | 16 | 08.01.13 | 11.02.13 | અસ્મીતાબેન સોલંકી |
| 38 | હસ્તકલા | કંટોળીયા | ગોંડલ | 21 | 08.01.13 | 10.02.13 | છાયાબેન મકવાણા |
| 39 | સીવણકામ | મેટોડા | પડધરી | 32 | 23.01.13 | 23.02.13 | રીટાબેન ડી.ભુવા |
| 40 | સીવણકામ | કોલકી | ઉપલેટા | 32 | 05.01.13 | 19.02.13 | દિવ્યાબેન સોલંકી |
| 41 | હસ્તકલા | વિરપુર | જેતપુર | 23 | 21.01.13 | 21.02.13 | જયાબેન મકવાણા |
| 42 | આરીભરત | નાની વાવડી | ધોરાજી | 18 | 09.01.13 | 25.02.13 | કેતનભાઈ શેખ |
| 43 | આરીભરત | સુપેડી | ધોરાજી | 24 | 09.01.13 | 25.02.13 | જયોતિબેન જોટંગિયા |
| 44 | સીવણકામ | શેમળા | ગોંડલ | 42 | 01.03.13 | 01.04.13 | મનીષાબેન દોંગા |
| 45 | આરીભરત | ખાંડાધાર | ગોંડલ | 25 | 01.03.13 | 01.04.13 | કેતનભાઈ શેખ |
| 46 | હસ્તકલા/સીવણ | છતર | ટંકારા | 30 | 01.03.13 | 30.03.13 | પ્રભાબેન આર. સારેસા |
| 47 | સીવણકામ | અમરાપરા | ટંકારા | 21 | 01.03.13 | 30.03.13 | લતાબેન બી. સારેસા |
| 48 | સીવણકામ | અમરાપરા | ટંકારા | 21 | 01.03.13 | 30.03.13 | હસીનાબેન યુ. બાંધીયા |
| 49 | હસ્તકલા | લક્ષ્મીનગર | મોરબી | 22 | 01.03.13 | 30.03.13 | રસ્મીતાબેન આર. જારીયા |
| 50 | હસ્તકલા | રોટરી નગર | મોરબી | 22 | 01.03.13 | 30.03.13 | નિર્મળાબેન આઈ. પંખોડીયા |

**આક્રમણ કરવાવાળા શત્રુથી ન ડરો પણ જે તમારી ખુશામત કરે છે તેવા મિત્રથી ડરો.**

## આંતરરાષ્ટ્રીય મહિલાદિનની ઉજવણી

સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન દર વર્ષે ૮ મી માર્ચના દિવસે મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવા પાછળનો હેતુ નારીના ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર સંસ્થા દ્વારા દર વર્ષે થતી મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે આ વર્ષે મહિલા અને બાળ સહાયતા કેન્દ્રના સહયોગથી અમરેલી ખાતે સાવરકુંડલા બાયપાસ પાસે આવેલા હિરાનગર નામના સ્લમ વિસ્તારના લોકો સાથે મહિલા વ્યસન મુકિતના વિષય આધારિત રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના મહિલા પોલીસ કોન્સ્ટેબલ જયોત્સનાબેન, શોભાબેન (લોકરક્ષક દળ), રાજસ્થળીના સરપંચ ચંદ્રિકાબેન, સંસ્થાના સંસ્થાના કાર્યકરો પારૂલબેન, પ્રતિભાબેન, દયાબેન, વિજયાબેન, મંજુબેન, સાજીતભાઈ, ધર્મેશભાઈ તથા દિનેશભાઈ તેમજ સંસ્થામાં અભ્યાસઅર્થે આવેલ બીએસડબલ્યુની તાલીમાર્થી બહેનો પાયલબેન, હેમાંગીબેન તથા ક્રિષ્નાબેન તેમજ હિરાનગર વિસ્તારના બહેનો, ભાઈઓ, બાળકો ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમની શરૂઆત કાર્યક્રમ પરિચય અને કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ લોકોને આવકાર



**પ્રભુએ જેનો સ્વીકાર કર્યો છે તે અવંદનીય પણ વંદનીય થઈ જાય છે.**

આપીને કરવામાં આવ્યો હતો ત્યારબાદ સંસ્થાનો પરિચય આપવામાં આવ્યો હતો. તાલીમાર્થી બહેનોએ મહિલા દિનનો ઉદ્દેશ્ય જણાવ્યો હતો અને તેની શરૂઆત કયારે થઈ અને ઘરેલુ હિંસા અધિનિયમ કાયદા વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમજ સંસ્થાના કાર્યકરોએ સ્ત્રી અધિકારો, જેન્ડર, સ્ત્રી ભૃણ હત્યા, વ્યસન વિશે વિગતવાર માહિતી આપી હતી. મહિલા પોલીસ સ્ટેશનના મહિલા પોલીસ કોન્સ્ટેબલ જયોત્સનાબેને વ્યસન ઉપર વાત કરતા જણાવ્યું હતું કે સ્ત્રીઓમાં વધતું જતું વ્યસનનું પ્રમાણ ચિંતાજનક છે. આજકાલ મહિલાઓમાં પણ વ્યસનની માત્રા વધી રહી છે. વ્યસન કરવાથી કેવા પ્રકારનું નુકસાન થાય છે તથા વ્યસન કરવાથી ઉદ્દભવતા રોગોની પોસ્ટરો દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવી હતી. જો મહિલા વ્યસન કરવા તરફ દોરવાશે તો આવનાર સમયમાં પરિસ્થિતિ વધુ વણસી શકે છે. તેમાં કોઈ બે મત નથી કારણ કે જો મહિલાઓ વ્યસન કરશે તો તેના નાના બાળકો પણ માતા પાસેથી પ્રેરણા લઈ વ્યસન તરફ દોરવાશે. તેથી આ પરિસ્થિતિ વધુ વ્યાપક ન બને તે માટે સ્ત્રીઓમાં વ્યસનનું પ્રમાણ ઘટે તેવા અને ૧૦૦ % સ્ત્રીઓ વ્યસન મુકત થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. વ્યસનથી પૈસાનો વ્યય થાય છે. આરોગ્ય બગડે છે. આરોગ્ય ઉપર નુકસાન થવાથી કામમાં પુરતુ ધ્યાન આપી શકાતું નથી. ઘરમાં વ્યસન કરવાથી તેનું નિરીક્ષણ કરીને ભાવિ પેઢીના બાળકો પણ તે માર્ગે દોરવાશે. વ્યસનની માત્રાથી કેન્સર જેવા જીવલેણ રોગ થવાથી શકયતાઓ વધી જાય છે. જે મનુષ્યને મૃત્યુ તરફ લઈ જાય છે. વિગેરે મુદાઓની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. અંતમાં ઉપસ્થિત લોકોના પ્રશ્નો રજુ થયા જેમાં વીજળીની સુવિધા, બીપીએલ કાર્ડ, પાણીની સગવડ, જાહેર શૌચાલય, આંગણવાડીમાં વર્કરો, રેશનીંગ કાર્ડ, ખાનગી દવાખાનું, શાળા વગેરેની સૂવિધા ઉપલબ્ધ નથી. આ સૂવિધા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા ઉપસ્થિત તજજ્ઞો તથા સંસ્થાના કાર્યકર્તાઓ લોકો સાથે ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમમાં ૧૬૫ મહિલાઓ ઉપસ્થિત રહી હતી. સારી વાત એ હતી કે સ્ત્રીઓ માટેના ખાસ કાર્યક્રમમાં ઘણા બધા પુરૂષો પણ ઉપસ્થિત રહયા હતા. મોટા ભાગની મહિલાઓએ સ્વીકાર્યુ હતું કે વ્યસન નુકસાનકારક છે. પરંતુ તેઓ મજુરી કામ સાથે સંકળાયેલ હોય વ્યસનને થાક ઉતારવાનુ માઘ્યમ સમજે છે. તેઓને થઈ રહેલા નુકસાનનો અહેસાસ થયેલ છે જેથી તેઓ વ્યસન છોડવાના પ્રયત્નો કરશે તેમ ઉપસ્થિત બહેનોએ ખાત્રી પુર્વક જણાવ્યુ હતુ. અંતમાં સૌનો આભાર માની કાર્યક્રમ પુર્ણ કરવામાં આવ્યો હતો.

**સફળતાનો માર્ગ જોખમ ભર્યો છે. તેની સામે લડનાર પુરૂષાર્થી જ પોતાનું જીવન સફળ બનાવી શકે છે.**

## પ્રેરણા પ્રવાસ

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ નાબાર્ડ તથા કોસ્ટલ સેલીનીટી સેલના સહયોગથી અમરેલી જીલ્લાના દરિયાકાંઠાના અને ગીરના ગામોના ખેડૂતો સાથે બેઠકો કરી ફાર્મર્સ કલબની રચના કરી. તેની જરુરીયાતને ઘ્યાનમાં લઈ રસ ધરાવતા ખેડૂતોની તાલીમો યોજવામાં આવી. આ વર્ષ પ્રારંભથી વરસાદની અછત રહી જે ખેડૂતો પાણીની પુરતી વ્યવસ્થા ધરાવતા હતા તેઓએ સમયાંતરે પિયત કરી પાકોનું રક્ષણ કર્યુ પણ ભૂગર્ભમાં પાણી ઓછુ હતુ અથવા ખારુ હતુ તેને માટે તે શકય બને તેમ ન હતુ. ક્ષારીય જમીનોમાં ભુગર્ભજળનું વ્યવસ્થાપન મર્યાદિત આવક ધરાવતા ખેડૂતો માટે ખૂબજ મુશ્કેલ છે. આ વિસ્તારમાં ભુર્ગભજળ પર વ્યવસ્થિત રીતે ઘ્યાન આપવામાં આવે તો ચોકકસ પણે ખારાશની માત્રામાં ઘટાડો કરી શકાય છે. તે અંગે સતત સંવાદ ચાલ્યા જેમાં સૂક્ષ્મ પિયતથી આ સમસ્યામાં રાહત થઈ શકે તેમ સમજાયુ અને તે અંગે સંસ્થાએ નાબાર્ડ સાથે ચર્ચા કરી. જાફરાબાદ તથા ખાંભા તાલુકામા બનેલ ફાર્મર્સ કલબમાં જોડાયેલા ખેડુતોની તાલીમ કમ પ્રેરણા પ્રવાસ તારીખ ૨૧ થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ નવસારી કૃષિ યુનિવર્સિટી/કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તથા જૈન ઈરીગેશન – જલગાંવ મુકામે યોજવા અને તે માટે બંને તાલુકાની ફાર્મર્સ કલબના ૪૦ ખેડુતો માટે આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ તાલીમ કમ પ્રેરણા પ્રવાસમાં તારીખ ૨૧ ના રોજ નવસારી કૃષિ યુનિવર્સિટી/કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે કલાસરુમ સેશન તથા ફીલ્ડ વીઝીટ યોજાઈ.

પ્રોગ્રામ કોર્ડીનેટર ડો. સી. કે. ટીબડીયાએ જણાવ્યુ કે સુક્ષ્મ પિયત પઘ્ધતિ અપનાવવામા ખેડૂતો ઉદાસીન છે. ખારા પાણીને ખેતરમાં હાલની પઘ્ધતિથી છોડવાથી ફળદ્રુપતાને પણ અસર થાય છે માટી છુટી પાડવા વધુ જીપ્સમની જરુર રહે છે. સુક્ષ્મ પિયત પઘ્ધતિ અપનાવવાથી તેમાં ઘણો ફેર પાડી શકાય છે. ક્ષારીય જમીનને કેવી રીતે નવસાઘ્ય કરી શકાય, પિયત પઘ્ધતિ અને ક્ષારીય જમીનમા વવાતા પાકો પર ચર્ચા કરવામાં આવી હતી.

ત્યારબાદ પ્રથમ ખેડુત મિત્રોની નવસારી કૃષિ યુનિવર્સિટીના સોઈલ એન્ડ વોટર મેનેજમેન્ટ રીચર્સ ફાર્મ પર ફિલ્ડ વિઝીટ થઈ જેમાં ડાૅ. એસ. કે. દેસાઈએ વિવિધ પાકમાં કેટલુ, કેવુ અને કેવી રીતે પાણી આપવુ તેની જુદી જુદી પઘ્ધતિઓ બતાવી. જેમાં નાના ચોરસ કયારા, ઘરનુ પાણી રીચાર્જ કરવુ, બોરવેલ રીચાર્જ, પાણી નીતાર માટે પોરસ પાઈપ પઘ્ધતિ, જુદી જુદી સૂક્ષ્મ પિયત પઘ્ધતિઓ જેવીકે ડ્રીપ, રેઈનગન, ફુવારા, ગ્રીન હાઉસ, નેટહાઉસ, પોલીહાઉસ, કચરામાંથી કમ્પોસ્ટ બનાવવાની

**જીવન એક આરસી જેવું છે. તેના તરફ મલકશો તો મોહક લાગશે, તેની સામે ઘૂરકશો તો તે બેડોળ લાગશે.**

રીત, પામ ટ્રીની ખેતી અને તેનો ઉપયોગ, કેળના પાકની મુલ્ય વૃધ્ધિ તથા તેમાથી બનતી જુદી જુદી પ્રોડકટ અંગે જાણકારી આપવામા આવી.

નવસારી કૃષિ યુનિવર્સિટીના બગાયત વિભાગનાં નિષ્ણાંત ડો. યતિન ટંડેએ ક્ષારીય જમીનમા ઉગાડાતા ફળ પાકો અંગે માહીતી આપી. તેમણે ફળ પાકની રોપણી વખતેની કાળજી અને પાક સંરક્ષણના પગલા સૂચવ્યા હતા તથા ડો. વિકાસ નાયક હવે જમીનના પ્રકાર વિષે સમજુતિ આપી હતી.

તા. ૨૨–૨૩ દરમ્યાન જલગાંવ ખાતે જૈન ઈરીગેશનની પ્રવૃતિ જેમા સોલાર વોટર હીટર, સોલાર પંપ, મેંગો, ટમેટા, કેળા, ડુંગળી, પપૈયા, લસણ પ્રોસેસીંગ યુનિટ, કેળના ટીસ્યુ કલ્ચર, લેબોરેટરી, મેંગો તથા અમૃત પ્લાન્ટેશન, બાયોગેસ વગેરે ત્યાના ગાઈડે સાથે રહી બતાવ્યા હતા. સૂક્ષ્મ પિયત પધ્ધતિ અંગે નિદર્શન બતાવવામા આવ્યુ. જેમાં ટપક, ફુવારા, સુક્ષ્મ ફુવારા, રેન–ગન વિગેરેના ફાયદાઓ તથા જાળવણી ઉપરાંત તેના સાધનો જેવા કે ફર્ટીલાઈઝર ટેંક, વેન્ચુરી પંપ અને ફર્ટીગેશન પંપ વિશે માહિતી આપવામાં હતી.




**અભિમાનથી માનવી ફુલાઈ શકે છે ફેલાઈ શકતો નથી.**

Engage on this month

- 2 Team meeting At Amreli.
- 6 Meeting At NABARD - Ahmedabad.
- 8 Celebration of Women day At Amreli.
- 12 PSDF Review meeting At Ahmedabad.
- 14 Seminar on Women Traficking At Ahmedabad.
- 21 Ekalnari Study Meeting At Amreli.
- 22 Board of Director Meeting-Avirat At Khambha.
- 24 Visit to drip installation at Uchaiya village of Rajula and MIS centre, Jafrabad.

Skill development training start and running in this month: Shemla(Gondal) sewing, Laxminagar (Morbi) handi-craft, Khandadhar (Gondal) Aribharat, Chhatar (Tankara) handicraft, Tankara Sewing.

**Happy birthday**

| | | |
|---|---|---|
| 1. | Atulkumar R. Agravat | 25-04-1954 |
| 2. | Chandrika U. Mahida | 05-04-1985 |
| 3. | Gaurishankar R. Bamta | 20-04-1954 |
| 4. | Harsur N.Solanki | 18-04-1981 |
| 5. | Hetal J. Vekariya | 22-04-1991 |
| 6. | Hiral K. Khalpada | 11-04-1977 |
| 7. | Vipul H. Sheladiya | 29-04-1977 |

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMR-91/RNP/2012**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK
ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**જેવી રીતે સ્વચ્છ દર્પણમાં મુખ ચોખ્ખું દેખાય છે એવી જ રીતે શુદ્ધ મનમાં જ્ઞાન પ્રગટ થાય છે.**